# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૮/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# બદલાયેલા જમાનામાં ટ્રેડીશનલી વ્યવસાય કરનારા ડિજીટલી તાલમેલ મેળવી શકશે તો ઝડપથી વ્યવસાયનો વિકાસ સાધી શકાશે

## ચેમ્બર દ્વારા વ્યવસાયના વિકાસ માટે ડિજીટલી ક્રાંતિ ઉપર સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ઉદ્યોગ સાહસિકો માટે વ્યવસાયના વિકાસ માટે ડિજીટલી ક્રાંતિ ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે નેશનલ ટ્રેનર એન્ડ બિઝનેસ હેડ રમણ નય્યરે ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયનો વિકાસ કેવી રીતે સાધી શકાય ? તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

રમણ નય્યરે જણાવ્યું હતું કે, વર્ષો પહેલા બાર્ટર સિસ્ટમથી વ્યવસાયની શરૂઆત થઇ હતી અને વર્ષો સુધી આવું ચાલ્યું હતું. જરૂરિયાત ઉભી થતા ચલણ (સિક્કા)ની શરૂઆત થઇ હતી. આશરે ૬૦૦ વર્ષ સુધી આ પ્રણાલી ચાલી હતી. ત્યારબાદ તમામ વ્યવસાયિક સમીકરણો બદલાવા લાગ્યા હતા. વ્યવસાયમાં પરિવર્તન આવતા હજારો વર્ષ લાગતા, પછી સેંકડો વર્ષ અને થોડા દસકોમાં પરિવર્તન આવવા લાગ્યું હતું. જો કે, હવે ડિજીટલી યુગની ક્રાંતિ પછી રોજેરોજ વ્યવસાયમાં બદલાવ આવવા લાગ્યા છે.

હાલમાં ત્રણ પ્રકારના વ્યવસાય પ્રવર્તી રહયા છે. (૧) સેલ ફિઝીકલી એન્ડ સર્વ ફિઝીકલી (૨) સેલ ડિજીટલી એન્ડ સર્વ ડિજીટલી અને (૩) સેલ ડિજીટલી એન્ડ સર્વ ફિઝીકલી. સેલ ફિઝીકલી એન્ડ સર્વ ફિઝીકલી વ્યવસાય ખૂબ ખર્ચાળ હોય છે અને તેમાં લાંબો સમય લાગે છે. આથી બદલાતા સમયની સાથે દરેક ઉદ્યોગકારો –

વેપારીઓને ડિજીટલી સેલીગ તથા ડિજીટલી અથવા ફિઝીકલ સર્વિસ ઉપર જવું પડશે. ટ્રેડીશનલી વ્યવસાય કરનારા ઝડપથી ડિજીટલી તાલમેલ મેળવી શકશે તો જ ઝડપથી વિકાસ પણ સાધી શકશે.

રમણ નય્યરે ચેમ્બરના સભ્યો માટે વિશેષ તક આપી હતી. જેમાં ચેમ્બરના સભ્યોએ સમગ્ર ભારતમાં પોતાની પ્રોડકટનું વેચાણ કરવું હોય તો ગ્લોબલ ગાર્નર દ્વારા વિનામૂલ્યે રજિસ્ટ્રેશનની તક પૂરી પાડવામાં આવશે.

આ સેમિનારમાં ચેમ્બરના ગૃપ ચેરમેન ભાવેશ ટેલરે સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની એચ.આર. એન્ડ ટ્રેનીગ તથા સ્કીલ ડેવલપમેન્ટ, કોર્પોરેટ્સ અને એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ કમિટીના કો–ચેરમેન ચિરાગ દેસાઇએ સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ કમિટીના સભ્ય રાજુ માસ્ટરે સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.